**વડોદરાના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,(મ્યુનિ.કોર્ટ) મુ.વડોદરા.**

CC NO.71977.2026

ફરીયાદી:– શ્રી સરકાર

વિરૂદ્ધ

આરોપી:– રણજીતસિંહ તમેસ્સરસિંહ રાજપુત,રહે.વડોદરા.

ગુનો:– **પ્રોહીબીશન એકટની કલમ:૬૫ એએ મુજબ.**

(૧) આ કામના આરોપી વિરૂદ્ધ ઉપરોકત વર્ણવેલ ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ, જે અંગે આરોપીને સમન્સ કરતા, આરોપીએ હાજર થઇ સદર તેઓ સામેનો આક્ષેપીત ગુનો સ્વૈચ્છીક કબુલ કરતો હોવાનું જણાવેલ છે તથા તેઓનો પ્રથમ ગુન્હો હોવાનું તથા તેઓ ગરીબ, બાળબચ્ચા વાળા માણસ હોવાનું જણાવેલ અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો નહીં કરવાની કોર્ટને બાંયધરી અને ખાત્રી આપે છે. આરોપીને સજા અંગેની જોગવાઇની સમજ આપવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપી સદર ગુનો કબુલ કરે છે. આરોપીની કબુલાત સ્વૈચ્છીક જણાયી આવે છે.

કાયદાની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો તેમાં વધુમાં વધુ કેટલી સજા થઇ શકે તેની સાથે સાથે મીનીમમ સજાની જોગવાઇ પણ કરવામાં આવેલ છે. પરંતુ, નામદાર ગુજરાત હાઇકોર્ટે **'સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવરભાઇ હરચંદજી ઠાકોર(૨૦૦૫ જી.એલ.આર. પાના નં.૭૦૯)'** ના ચુકાદામાં એવું ઠરાવેલ છે કે કેસના સંજોગો જોતા કોર્ટને જરૂરી જણાઇ આવે તો તે મીનીમમ સજા કરતા પણ ઓછી સજા કરી શકે છે આ કામે આરોપી પાસેથી જે મુદામાલ મળી આવેલ છે તે મોટા જથ્થામાં નથી, જે મુદ્દામાલ કબજે લેવાયેલ છે તેનો પ્રકાર અને જથ્થો તથા આરોપીની સ્થિતિ વગેરે ખ્યાલમાં રાખતા મીનીમમ સજા કરતા ઓછી સજા અને દંડ કરવામાં આવે તો પણ તે ન્યાયીક રહેશે તેવું જણાઇ આવતું હોય, કેસના સંજોગો ધ્યાનમાં લઇ આ કામે નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

૧. આ કામના આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ–૨૬૪ અન્વયે તેમની સામેના ગુના પ્રોહીબીશન એકટની કલમ: ૬૫ એએ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, સદર ગુના સબબ રૂા. ૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવામાં આવે છે. આરોપી જો દંડ ન ભરે તો દિન–ર ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આાવે છે.

હુકમ આજરોજ રોજ સ્પેશીયલ સીટીગમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૪.૦૩.૨૦૨૬
પાવતી નં.
રૂા.૧૦૦/– (અંકે રૂપીયા એક સો પુરા)
c.b.t.(p.a)

**(રીચા અગ્રવાલ)**
**Code No. GJ01640**
જયુડી.મેજી.ફ.ક.,(મ્યુનિ.), વડોદરા.

Nazir
Judi.Magi.F.C.(Muni) court, Vadodara.